નં. આવિ/શિક્ષણ/૨૦૨૩-૨૪/૯૪૩૭
મદદનીશ કમિશ્નરશ્રી (આ.વિ) ની કચેરી
બ્લોક નં – એ/૬ઠ્ઠો માળ,
બહુમાળી ભવન,
લાલ દરવાજા, અમદાવાદ
તા.૨૮/૦૪/૨૦૨૩

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી/આચાર્યશ્રી

Sardar Patel University
Mota Bazaar Vallabh Vidyanagar
Anand - 388120

વિષય : શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૧-૨૨ ની પોષ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની બાકી અરજીઓ બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૧-૨૨ માં અનુસુચિત જનજાતિના વિધાર્થીઓ દ્વારા ડીજિટલ ગુજરાત પોર્ટલ પર પોષ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિના ફોર્મ ઓનલાઇન કરી જે તે શાળા/કોલેજ મારફત ઓનલાઇન મંજુર કરી જીલ્લા કચેરીને મોકલી આપવાના થતા હતા.

વધુમાં રાજય સરકારશ્રી દ્વારા આદિજાતિના વિધાર્થીઓને મળવવા પાત્ર શૈક્ષણિક લાભો સમયમર્યાદામાં ચુકવવા માટે જણાવેલ છે. ડીજિટલ ગુજરાત પોર્ટલ પરના રીપોર્ટ જોતા વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૧-૨૨ ના સમયગાળામાં હાલમાં પણ આપની શાળા/કોલેજ લેવલે દરખાસ્તો મંજુર કરી ડીલીંગ લેવલે મોકલવાની બાકીમાં છે. ઉચ્ચ કક્ષાએ આ બાબતે ગંભીર નોંધ લેતા ઉક્ત અરજીઓ મંજુર/નામંજુર કરવાનો નિર્ણય શાળા/કોલેજ/શૈક્ષણીક સંસ્થા કક્ષાએ તા.૦૨/૦૫/૨૦૨૩ સુધીમાં કરી ડીલીંગ લેવલે મોકલી આપવાને પાત્ર અરજીઓ મંજુર કરી ડીલીંગ લેવલ ઓથોરીટીને તા.૦૨/૦૫/૨૦૨૩ સુધીમાં મોકલી આપવા સુચના આપેલ છે. જે અન્વયે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિની યોજના અંતર્ગત કોલેજ/સંસ્થાઓના લોગીનમાં બાકી રહેલ અરજીઓની સત્વરે ચકાસણી કરી તથા કોઇ ક્ષતિ હોય તો તેની તાત્કાલીક પુર્તતા કરાવી ડીલીંગ ઓથોરીટીને તા.૦૨/૦૫/૨૦૨૩ સુધીમાં ઓનલાઇન ફોરવર્ડ કરવા આથી જણાવવામાં આવે છે. વધુમાં વિધાર્થી લેવલે પણ અરજીઓ બાકીમાં છે. જે અન્વયે વિદ્યાર્થીઓનો રૂબરૂ સંપર્ક કરી મંજુર કરવાપાત્ર અરજીઓ તાત્કાલીક મંજુર કરી ડીલીંગ લેવલને તા.૦૨/૦૫/૨૦૨૩ સુધીમાં મોકલી આપવા તથા શિષ્યવૃતિનો લાભ મળવાપાત્ર ન હોય તો તેવી અરજીઓ તાત્કાલીક રદ કરવા આથી જણાવવામાં આવે છે.

ઉક્ત બાબતે આપના તરફથી શિષ્યવૃત્તિનુ કામ કરતા ડીલીંગ સ્ટાફને બાકી દરખાસ્તો અંગેની કાર્યવાહી તા.૦૨/૦૫/૨૦૨૩ સુધીમાં પુર્ણ કરી ડીલીંગ ઓથોરીટીને તાત્કાલીક મોકલી આપવા સ્પષ્ટ સુચના થઇ આવવા વિનંતી છે. જો કોઇ વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી વંચીત રહી જશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે જેની નોંધ લેશો.

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ
અમદાવાદ